રાજભવન, ગાંધીનગર.
તા. ૦૯/૦૧/૨૦૧૫

## બ્રિટીશ સંસદના સભ્ય પ્રીતિ પટેલ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગરમાં આયોજિત પ્રવાસી ભારતીય દિનની ઉજવણીમાં ભાગ લેવા આવેલા બ્રિટીશ સંસદના સભ્ય પ્રીતિ પટેલે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન બન્ને મહાનુભાવોએ ગુજરાતમાં વિકાસના વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ અને ભવિષ્યમાં ઉભી થનાર નવી તકો વિશે વિચાર–વિમર્શ કર્યો હતો.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથસિંહનું રાજભવન ખાતે સ્વાગત કરતા રાજયપાલશ્રી

પ્રવાસી ભારતીય દિનની ઉજવણીના સમારોહમાં હાજરી આપવા આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથસિંહ રાજભવન ખાતે પધાર્યા ત્યારે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ કેન્દ્રીય મંત્રીશ્રીને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું.

---

પ્રેસ સચિવ